## કથાઓનો સશક્ત કલરવ | રમેશ આચાર્ય

[**'કથા-કલરવ'** (વાર્તાસંગ્રહ) : લે. સુમંત રાવલ, પ્ર. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ-૯, પ્ર. આ. ૨૦૦૯, પૃ. ૧૬૧+૧૦, કિં. રૂ. ૧૦૦/-]

શ્રી સુમંત રાવલ જાણીતા વાર્તાકાર છે. તેમના ૬ (છ) વાર્તાસંગ્રહો પ્રગટ થઈ ચૂક્યા છે. 'કથા-કલરવ' તેમનો સાતમો વાર્તાસંગ્રહ છે. તેમની સાહિત્ય-યાત્રાના આ તબક્કે તેમની વાર્તાઓમાંથી પસાર થવું રસપ્રદ થઈ પડશે.

'કથા-કલરવ'માં કુલ ૧૮ (અઢાર) વાર્તાઓ સ્થાન પામી છે. એ વાર્તાઓમાંથી પસાર થતાં પહેલાં લેખકે લખેલી પ્રસ્તાવના 'વાર્તાવતરણ'માંથી પસાર થઈએ તો જણાશે કે લેખકે લખેલી પ્રસ્તાવના તેમની વાર્તાકાર તરીકેની કેફિયત જ છે.

લેખકની વાર્તાકાર તરીકેની કેફિયતને તેમની વાર્તાઓ સાથે મૂકી તપાસતાં જણાશે કે લેખક તેમની વાર્તાની માંડણી કોઈ ઘટના પર કરે છે. અને આ માંડણી પણ આછીપાતળી ઘટના પર નહિ, પણ સમગ્ર વાર્તામાં છવાઈ જતી સશક્ત અને સબળ ઘટના પર કરે છે. પહેલી વાર્તા જ જુઓ. 'એકડો' વાર્તામાં એક વરસ પહેલાં વિધવા થયેલી સ્ત્રી ગોમતી અને તેનાં ત્રણ બહેરાં-મૂંગાં બાળકો – શિવો, દેવો અને ગીતાની કથા છે. શિવો અને દેવો ભીખ માગે છે, શિવો રેલવે અકસ્માતમાં મૃત્યુ પામે છે, દેવો આ કરુણ ઘટનામાંથી બેઠો થઈ ફરી ગળામાં લખાણ સાથેની પાટી ભરાવી ભીખ માગવા તૈયાર થાય છે. ગોમતી પાટીમાંનું જૂનું લખાણ ભૂંસી નાખે છે અને તેમાં મોટો એકડો દોરી દેવાને તે ઘૂંટતા શીખવે છે. આમ, તેને ભણાવવાની શરૂઆત કરે છે. 'એકડો' વાર્તા એક વિધવા નારીની સંઘર્ષ-કથા છે.

આ વાર્તાની ગોમતીની સાથે સંગ્રહની વાર્તા 'ધંધો' અને 'સમય'નાં સ્ત્રીપાત્રો 'સુરભિ' અને 'રંજના'ને મૂકી તપાસવા જેવાં છે. ગોમતી નાના ગામની, ઓછું ભણેલી અને ગરીબ સ્ત્રી છે, જ્યારે 'સુરભિ' અને 'રંજના' સુશિક્ષિત અને સુખી છે. 'ગોમતી' તેના કુટુંબનું ભરણપોષણ કરવા માટે, નિર્વાહ કરવા માટે બહેરા-મૂંગા બે પુત્રો પાસે ભીખ મંગાવે છે અને છેલ્લે પોતે ભીખ માંગવા માટે તૈયાર થાય છે, જ્યારે 'સુરભિ' અને 'રંજના' તેમના પતિને કે પોતાને થોડો લાભ મળે તે માટે તેમના શિયળનો સોદો કરવા તૈયાર થઈ જાય છે. આમ 'સુરભિ' અને 'રંજના'ની પડખે 'ગોમતી'નું પાત્ર મૂકતાં તેની ઊંચાઈ જણાઈ આવે છે.

'વાછૂટ' આ સંગ્રહની એક સશક્ત વાર્તા છે. વાર્તામાં સરકારી સસ્તા અનાજની દુકાન ચલાવતા જગા શેઠનું પાત્ર-નિરૂપણ લેખકે સક્ષમતાથી અને સશક્ત રીતે કર્યું છે. શેઠ ગરીબોને મળવાપાત્ર અનાજ તેમને પૂરું આપતા નથી અને સંઘરે છે. શેઠના કુકર્મના ફળ રૂપે તેમનો પુત્ર કિશોર, જે વખારમાં શેઠ ધંધામાં અનીતિ કરી વધારેલો માલ સંઘરતા હતા એ જ વખારમાં, તેના ભાઈબંધો સાથે જુગાર રમતાં પકડાય છે. અહીં તેમના ઘેર શેઠ પેટની પીડામાંથી વાછૂટ થતાં છુટકારો મેળવે છે. શેઠાણી કહે છે : ''અરેરેરે... તમે તો કેવા છો... આખું ઘર ગંધવી માર્યું...!'' શેઠાણીના સૂચક ઉદ્‌ગારો સાથે અહીં વાર્તા પૂરી થાય છે.

આવી જ બીજી સશક્ત વાર્તા 'ગુલાબ' છે. વાર્તાનું કથાવસ્તુ આ પ્રમાણે છે : વિશુભા, તેમનાં પત્ની રતનબા, વિશુભાની રખાત ગુલાબ, પૂંછ પટપટાવતી અને જીભ લપકાવતી કૂતરી, વિશુભાનાં ત્રણ સંતાનો – ભનુ, પરવીણ અને જીલુ. આટલાં મુખ્ય પાત્રો આસપાસ વાર્તા આકાર લે છે અને આપણા મનનો કબજો લઈ લે છે. ધોળકી કૂતરી વાર્તાના અંતમાં વાર્તાના અનિવાર્ય પાત્ર તરીકે ઊભરી આવે છે તેની નોંધ લેવી રહી.

સંગ્રહની 'કોઠો' વાર્તા 'ટેકરીની ધાર પર વાહના ખોયડાં ગીધે ચૂંથી નાખેલા મડદા જેમ પડ્યાં હતાં.' જેવા આકર્ષક અને અર્થપૂર્ણ વર્ણનથી આગળ વધે છે. આ વાર્તા સંગ્રહની તો શ્રેષ્ઠ વાર્તા છે જ, પણ ગુજરાતી સાહિત્યની કેટલીક યાદગાર વાર્તાઓની યાદી કરીએ તો તેમાં પણ સ્થાન પામે તેવી સશક્ત વાર્તા છે. મનજી કણબીની ગાય ખટારાની હડફેટે આવી જાય છે અને મરી જાય છે. વાહનાં હંધાય ગાયનું જેટલું અને જે કાંઈ માંસ ભાગમાં આવે તે મેળવવા ભેગા થઈ જાય છે. મરેલી ગાયને વાર્તાનો નાયક ચીરે છે. તેના કોઠામાંથી ગોમટ (ગોરોચન) નીકળે છે. પણ તે તેના બીમાર બાપને દવા તરીકે આપવાને બદલે તેની અશક્ત મંગેતર જવલી માટે રાખે છે. અહીં માનવમનનો કોઠો જાણવો, સમજવો અને ભેદવો કેટલો દુષ્કર છે તે અસરકારક રીતે સિદ્ધ થાય છે. 'કોઠો'ની સાથે સંગ્રહની વાર્તા 'મડદાં બાળનારો' મૂકી તપાસવા જેવી છે. જગાનો બાપ સ્મશાનમાં મડદાં બાળવાનું કામ કરે છે. જગાને તે ગમતું નથી, પણ નિયતિ જ જગાને મડદાં બાળનાર તરીકે ગોઠવે છે. આ બંને વાર્તાનું વાતાવરણ જમાવવા માટે જરૂરી માહિતી લેખકે ધગશ અને મહેનતથી મેળવી હશે અને પછી વાર્તાઓમાં તેનો સમુચિત ઉપયોગ કર્યો હશે તે જણાઈ આવે છે.

શ્રી સુમંત રાવલ તેમની વાર્તાઓની માંડણી ઘણી વાર પ્રતીક પર કરતા હોય છે. તેઓ રોજબરોજના જીવનમાંથી પ્રતીક શોધી કાઢે છે અને તેને વાર્તાના કથાવસ્તુના સંદર્ભમાં એવી સબળ રીતે નીરૂપે છે કે વાર્તાની ગુણવત્તા વધી જાય છે. અને આપણને એક સફળ વાર્તા સાંપડે છે. સંગ્રહની 'ચેપ', 'રાવણ', 'સજીવ', 'કરો', 'પેસી-આંખો' વગેરે આવી પ્રતીક પર ઊભેલી કે તેનો ટેકો લેતી વાર્તાઓ છે. 'વાવ' પણ આવી જ પ્રતીક પર ઊભેલી વાર્તા છે. તે અતીતરાગની કથા છે. વાર્તાના નાયક જગતબાબુ પોતાના પરિવાર સાથે પોતાના વતનને ગામ જાય છે. ત્યાં તેમની વિદ્યાર્થી-અવસ્થાનાં સંસ્મરણો સાથે સંકળાયેલી વાવની શોધ આદરે છે. અંતે વાવ મળે છે.... જગતબાબુનો પરિવાર કપડાં સંકોરતો રસ્તો ચડે છે. ત્યાં વાર્તા પૂરી થાય છે. લેખકે વાવના પ્રતીકને ખૂબ જ સખત રીતે પ્રયોજ્યું છે. સંગ્રહની 'અંશ', 'સમય', 'ઍવૉર્ડ', 'ડબ્બા' અને ઘંટી સુખપાઠ્ય વાર્તાઓ છે. તેમાંની 'ડબ્બો' વાર્તા સત્યઘટના આધારિત વાર્તા છે તેની નોંધ લેવી રહી. ગુજરાતના ૨૦૦૨ના જાણીતા ગોધરાકાંડ પર આ વાર્તા ઊભી છે. ગાડીના જે ડબ્બામાં કેટલાય લોકો ભૂંજાઈ મર્યા હતાં, જે ડબ્બા જોવા માટે મુલાકાતીઓ આવતા હતાં તે ગોધરા સ્ટેશન ઉપરના ડબ્બા પાસે વાર્તાનાયક અને તેનાં સંતાનો કુલફી અને સેન્ડવીચ વેચે છે. આમ, સળગી ગયેલા માણસોની દુઃખદ યાદ અપાવતા ડબ્બા એક પરિવારની આવકનું સાધન બની જાય છે.

'કથા-કલરવ'ના લેખક પાસે તેમની પોતીકી ભાષાશૈલી છે. તેમની વાર્તાઓનું કથાવસ્તુ મધ્યમવર્ગના લોકોના જિવાતા જીવનમાંથી આવે છે. કથાવસ્તુ અને પાત્રને અનુરૂપ ભાષા તેઓ સક્ષમ રીતે પ્રયોજી શકે છે, પણ કેટલીક જગ્યાએ ગુજરાતી ભાષાના શબ્દનો પ્રયોગ કરી શકાય તેમ હોય ત્યાં તેઓ હિન્દી શબ્દોના પ્રયોગ કરે છે. તેની અનિવાર્યતા જણાતી નથી. સંગ્રહની વાર્તાઓ 'અંશ', 'સમય' અને 'ઍવૉર્ડ' સારી વાર્તાઓ છે, સરસ રીતે કહેવાઈ છે; પણ તેના પ્રસ્તારને કારણે તેનું પોત નબળું પડે છે. કાવ્યની જેમ ટૂંકી વાર્તામાં પણ લેખકે શબ્દ

જોખીજોખીને વાપરવો જોઈએ, તે વેડફાવો ન જોઈએ. છતાં કહેવું જોઈએ કે કથાવસ્તુ, પ્રસંગનિરૂપણ, વાતાવરણ, ભાષા, પાત્રનિરૂપણ – એમ ટૂંકી વાર્તાનાં ઘટકતત્ત્વો એકસરખી કુશળતાથી શ્રી સુમંત રાવલ નિભાવે છે. એટલે તો ‘કથા-કલરવ’ની વાર્તાઓ ભાવકના મનમાં મીઠો કલરવ કરતી સશક્ત વાર્તાઓ તરીકેની છાપ મૂકી જાય છે.

r